"સાથી" સોફ્ટવેર અંતર્ગત SMS ની સવલત શરૂ કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: HRM-૧૦૨૦૧૬-૫૨૭૭-HRMS Cell
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૦૪/૨૦૧૯

પરિપત્ર:-

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા માનવ સંશાધન અને વ્યવસ્થાપન પધ્ધતિ (HRMS) અંગેનો પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં ૩૦,૦૦૦ ઉપરાંતના અધિકારીઓ/કર્મચારીઓને યુઝર આઈ.ડી અને પાસવર્ડ ફાળવી "સાથી" માં આવરી લેવામાં આવેલ છે. આ અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા "સાથી" સોફ્ટવેર અંતર્ગત Leave, APR(Annual Property Return), PAR(Performance Appraisal Report), LTC વગેરે જેવી સેવા વિષયક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.આ માટે સંબંધિત કર્મચારીઓને જે તે તબક્કે પોતાની અરજીની પરિસ્થિતીની જાણકારી રહે તેમજ સંબંધિત મંજૂરી આપનાર અધિકારીશ્રીઓને પોતાના વર્કલિસ્ટમાં વિગતવાર પેન્ડીંગ અરજીઓની પરિસ્થિતિની જાણ રહે તે માટે "સાથી" સોફ્ટવેર સાથે SMS Gateway નું ઇન્ટીગ્રેશન માટેની કાર્યવાહી હાલ ચાલી રહેલ છે.

૨. "સાથી" સોફ્ટવેર અંતર્ગત SMS સુવિધાનો લાભ લેવા માટે હાલમાં જે અધિકારી/કર્મચારી દ્વારા તેઓના "સાથી" એકાઉન્ટમાં પોતાનો મોબાઇલ નંબર રજીસ્ટર કરવેલ ના હોય તેઓએ તેમનો મોબાઇલ નંબર ફરજીયાત પણે "સાથી" એકાઉન્ટમાં મોબાઇલ નંબર રજીસ્ટર કરાવવાનો રહેશે. આ માટે ગુજરાત સરકારના GSWAN ના હોમપેઝ ઉપર જઈ તેમાં "સાથી" નું હોમપેજ ખોલી તેમાં My Profile માં જઈ Communication માં Cell Phone પર ક્લિક કરી ત્યારપછી જે વિન્ડો ખૂલે તેમાં પોતાનો મોબાઈલ નંબર નાખવાનો રહેશે અને ત્યારબાદ તેને Save કરવાનો રહેશે.

૩. સંબંધિત તમામ અધિકારી/કર્મચારીઓ કે જેમનાં "સાથી" અંતર્ગત યુઝર આઈ.ડી. અને પાસવર્ડ બન્યા છે તેવા તમામની સેવા વિષયક બાબતો માટે SMS સુવિધાનો લાભ લેવા માટે તેઓનો મોબાઇલ નંબર રજીસ્ટર કરવાનું આયોજન કરવામાં આવેલ હોઈ, આથી આવા તમામ અધિકારી/કર્મચારીઓ કે જેમણે પોતાનો મોબાઇલ નંબર "સાથી" સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવેલ ના હોય તે તમામ અધિકારી/કર્મચારીઓને "સાથી" સોફ્ટવેરમાં પોતાના એકાઉન્ટમાં મોબાઇલ નંબર રજીસ્ટર/અપડેટ કરવાની કામગીરી સત્વરે પૂરી કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.

(બી.જે બ્રહ્મભટ્ટ)
અધિક સચિવ (મહેકમ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.